# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૬/ક્વા-૨/૧૯-૨૦/૭૯૩૧** **તા. ૦૪–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૬/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **લખમણભાઈ વાડોલીયા** ગામ: **પોરબંદર**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય**
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી **જી.બી.વાઘેલા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૪-૦૯-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા.** તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **ડી.એમ.કમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય** હાજર રહેલ હતા ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૧૯( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં પણ **અરજદાર હાજર રહેલ ન હતા.** જયારે પીજીવીસીએલ પક્ષકાર તરફથી કાર્યપાલક ઈજનેર શ્રી **ડી.એમ.કમાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય** હાજર રહેલ હતા. ત્યારબાદ અરજદાર ને અંતિમ તક આપવા માટે સદર કેસની તા. ૨૬-૧૧-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં પીજીવીસીએલ પક્ષકાર તરફથી નાયબ ઈજનેર શ્રી **જી.બી.વાઘેલા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય** હાજર રહેલ હતા – પરંતુ **અરજદાર હાજર રહેલ ન હતા.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર લખમણભાઈ વાડોલીયા ગામ -પોરબંદર, તેઓની અરજીના નોંધણી નં: ૪૬/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓનુ ગ્રામ્ય પોરબંદર વિભાગીય કચેરી નીચે ના રાણાકંડોરણા – પેટા વિભાગીય કચેરીમાં ઓર્દ્યોગીક વીજજોડાણ ગ્રાહક નં.–૬૦૬૩૪/૦૦૯૦૫/૨ – એ.ટી.ઈન્ફ્રાસ્ટ્રકચર મા તા.૪–૮–૧૯ ના બપોરના ૦૩ થી ૧૧

વાગ્યા સુધી લાઈટ બંધ રાખેલ છે. તા.૦૬–૦૮–૧૯ ના ૧૧.૩૦ સુધી ફોલ્ટ રીપેર કરેલ નથી, અનેક વખત રજુઆત કરવા છતા કોઈપણ અધિકારી જવાબ આપતા નથી, અને કહે છે કે ફોલ્ટમાં છે. તા.૪–૮–૧૯ ના રોજ ૦૪ ઔદ્યોગીક વીજજોડાણો તેઓના બંધ કરેલ હતા. પીજીવીસીએલ ના માણસોને સાથે રાખીને લાઈન ચાલુ કરેલ હતી. કોઈપણ ટ્રીપીંગ આવેલ ન હતુ. આમ, જવાબદાર વ્યકિત સામે પગલા લેવા માટે – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- રાણા-કંડોરણા પેટા વિભાગીય કચેરીના ગ્રાહક શ્રી એ.ટી.ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રાહક નંબર ૬૦૬૩૪/૦૦૯૦૫/૨, ટેરિફ : એલ.ટી.એમ.ડી., લોડ : ૯૧ કિલોવોટ, ગામ : અમર, વતી શ્રી લખમણ વાડોલીયા દ્વારા તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ ફરિયાદ મુજબ ૬૬કેવી રાણા-કંડોરણા માંથી નીકળતા ૧૧ કેવી રાણા-કંડોરણા અર્બન ફિડર કે જેના થી રાણા-કંડોરણા ગામ તથા તેની આસપાસ આવેલ સ્ટોનક્રસર અને મિલ્ક ચિલિંગ પ્લાંટ જેવા ઉધ્યોગોને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ફિડરની કુલ એચ.ટી. લંબાઈ ૯ કી.મી. છે. તેમજ આ ફિડર પર જુદી જુદી ક્ષમતાના કુલ ૧૮ વીજ ટ્રાન્સફોર્મર આવેલ છે. તારીખ:૦૪.૦૮.૨૦૧૯ થી ૦૬.૦૮.૨૦૧૯ સુધીમાં ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરમાં નોંધાયેલ ટ્રિપિંગ, સસ્ટેઇન ફોલ્ટ તેમજ લાઇન ક્લિયર ની વિગત નીચે મુજબ છે.

| SR NO | DATE | T.T. | LINE CLEAR | | | | PERMENANT FAULT | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | NO | FROM | TO | TOTAL | NO | FROM | TO | TOTAL |
| 1 | 04.08.19 | 3 | 1 | 17:35 | 18:10 | 00:35 | 2 | 16:50 | 17:35 | 00:45 |
| | | | | | | | | 18:10 | 18:50 | 00:40 |
| 2 | 05.08.19 | 8 | 1 | 11:15 | 11:30 | 00:15 | 7 | 07:40 | 07:50 | 00:10 |
| | | | | | | | | 09:50 | 10:00 | 00:10 |
| | | | | | | | | 10:00 | 10:25 | 00:25 |
| | | | | | | | | 10:40 | 11:05 | 00:25 |
| | | | | | | | | 11:05 | 11:15 | 00:10 |
| | | | | | | | | 13:20 | 13:40 | 00:20 |
| | | | | | | | | 14:30 | 14:50 | 00:20 |
| 3 | 06.08.19 | 3 | 1 | 11:30 | 17:05 | 05:35 | 3 | 08:50 | 09:15 | 00:25 |
| | | | | | | | | 10:05 | 10:55 | 00:50 |
| | | | | | | | | 17:05 | 24:00 | 06:55 |

આમ, ઉપરોક્ત ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરના વિસ્તારમાં તારીખ:-૦૪.૦૮.૨૦૧૯ થી તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ દરમ્યાન સતત જરમર વરસાદ અને પવનના લીધે અવાર-નવાર ટ્રિપિંગ આવતા હોવાથી અને ફોલ્ટ માં જવાના લીધે, લાઇન સ્ટાફ અને નાયબ ઇજનેર દ્વારા સતત બે દિવસ સુધી બે દિવસ સુધી પોલ ટુ પોલ પેટ્રોલીંગ કરવામાં આવેલ હતું આમ છતાં ફિડરમાં કોઈ ફોલ્ટ ના મળેલ. ત્યારબાદ ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડર પર સેક્સ્ન કાપીને ફિડર ચાલુ કરતાં ફિડર ચાલુ થઈ જતું હતું ત્યાર બાદ એક પછી એક સેક્સ્ન કાપીને આગળ વધતાં અંતે ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડર ૬ ઇન્ડસ્ટ્રીયલ કનેકસન આવેલ છે તે સેકસન ની સ્વિચ કાપતાં ફિડર થોડીવાર ચાલુ રહી અને ટ્રીપ થઈ જતું હતું. આ બાબતે તારીખ:૦૬.૦૮.૨૦૧૯ ના રોજ ૬૬કેવી રાણા-કંડોરણા જેટકો સબ સ્ટેસન ના જુનિયર ઇજનેરને જાણ કરતાં જાણવા મળેલ કે સબ સ્ટેસનની અંદર ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરની સી.ટી.માં ફોલ્ટ હોવાને લીધે ફિડર તમામ લોડ સાથે ચાલુ કરતાં સી.ટી.માં ખામી સર્જવાથી /થઈ જવાથી ફિડર ટ્રીપ થઈ જતું હતું. આ સમસ્યાનું કામચલાવ નિરાકરણ કરવા ૧૧ કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરના તમામ લોડ ને તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ના ૧૩:૦૦ વાગ્યા થી તારીખ:-૦૭.૦૮.૨૦૧૯ ના ૧૨:૦૦ વાગ્યા સુધી ૧૧કેવી પદરડી જ્યોતીગ્રામ ફિડર પર જોડી પાવર ચાલુ કરવામાં આવેલ હતો. આ સમય દરમ્યાન પણ ૧૧ કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરની ખામી યુક્ત વાય-ફેઇઝની સી.ટી. બદલવા માટે ૬૬કેવી રાણા-કંડોરણા જેટકો સબ સ્ટેસનના જુનિયર ઇજનેર દ્વારા એલ.સી.નં.૩૪૦૯૯ થી તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ના ૧૧:૩૬ વાગ્યા થી ૧૭:૦૫ વાગ્યા સુધી લાઇન ક્લિયર લઈ અને ફિડર બંધ કરેલ હતું. આ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી અને ૧૧કેવી પદરડી જ્યોતિગ્રામ ફિડર પરથી ફરી લોડ પાછો ખેંચી તારીખ:-૦૭.૦૮.૨૦૧૯ ના રોજ ૧૨:૦૦ વાગ્યા થી ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરને રાબેતા મુજબ ચાલુ કરવામાં આવેલ હતું અને ત્યાર બાદ આ ફિડર પર કોઈ ફોલ્ટ નોંધાયેલ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજૂઆત મુદ્દા નં ૨.૦ અન્વયે, અરજદાર ના વીજજોડાણ ને પુરા પાડતા ૧૧ કેવી ફીડરમાં કોઈપણ ટ્રીપીંગ ન હોવા છતા – ૦૪ ઓર્દ્યોગીક વીજજોડાણ તા.૦૪–૦૮–૧૯ ના રોજ બંધ કરેલ હતા. જેથી, અરજદારે નારાજ થઈને અત્રેના ફોરમ સમક્ષ ફરીયાદ નોધાવેલ છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- રાણા-કંડોરણા પેટા વિભાગીય કચેરીના ગ્રાહક શ્રી એ.ટી.ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રાહક નંબર ૬૦૬૩૪/૦૦૯૦૫/૨, ટેરિફ : એલ.ટી.એમ.ડી., લોડ : ૯૧ કિલોવોટ, ગામ : અમર, વતી શ્રી લખમણ વાડોલીયા દ્વારા તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ ફરિયાદ મુજબ ૬૬કેવી રાણા-કંડોરણા માંથી નીકળતા ૧૧ કેવી રાણા-કંડોરણા અર્બન ફિડર કે જેના થી રાણા-કંડોરણા ગામ તથા તેની આસપાસ આવેલ સ્ટોનક્રસર અને મિલ્ક ચિલિંગ પ્લાંટ જેવા ઉધ્યોગોને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – અરજદાર ના વીજજોડાણ ને પુરા પાડતા ૧૧કેવી રાણા-કંડોરણા અર્બન ફિડરમાં તમામ લોડ સાથે ચાલુ કરતાં તા.૦૪–૦૮–૧૯ ના રોજ ફિડર ટ્રીપ થઈ જતું હતું જે બાબતે ૬૬કેવી રાણા-કંડોરણા જેટકો સબસ્ટેસન ના જુનીયર ઇજનેર તરફથી જણાવેલ કે સી.ટી.માં ફોલ્ટ હોવાને લીધે ફિડરમાં તા. ૦૪-૦૮-૧૯ ના રોજ ટ્રીપીંગ આવેલ – જે સમસ્યા નું નિરાકરણ જેટકો દ્વારા તારીખ:-૦૬.૦૮.૨૦૧૯ના રોજ પૂર્ણ કરેલ ત્યારબાદ તારીખ:-૦૭.૦૮.૨૦૧૯ થી સદર ફીડર નો વીજ પુરવઠો પુનઃ ચાલુ કરવામાં આવેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ મુજબ – ૬૬કેવી રાણા-કંડોરણા જેટકો સબસ્ટેસન મા ટેકનીકલ ખામીના કારણોસર – સદર ફીડરમાં ટ્રીપીંગ નોધાયેલ છે, જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા એવી કોઈ બેદરકારી કે બેજવાદારી પૂર્વક કામગીરી કરાયેલ હોય તેમ જણાયેલ નથી.

૪.૫ ઉપરોકત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે ફોરમ કમિટી દ્વારા નિર્ણય કરાયેલ છે. તેમજ અરજદારની અરજી દફતરે કરવી.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯